# ચોમાસાની શરૂઆત સાથે પક્ષીઓના ઇજનેર સુગરીના અદ્ભુત કલાકૃતિ સમાન માળા તૈયાર



ખેડા, જૂન માસના આરંભ સાથે ચરોતરમાં વરસાદની શકયતા વધી જતી હોય છે. આ વર્ષ અઠવાડિયું વહેલો વરસાદ વરસી રહ્યો છે. આથી વરસાદથી ખેતીપાક સહિતના બચાવ માટે ખેડૂતો સહિત સૌ કોઇ આયોજન કરી રહ્યા છે. બીજી તરફ પક્ષીઓ પણ ચોમાસામાં સ્વરક્ષણ માટે, બચ્ચાંઓના ઉછેર માટે વૃક્ષો પર માળા બનાવે છે.

પક્ષીઓમાં ઇજનેર તરીકેની ઓળખ ધરાવતી સુગરીઓએ અદ્દભુત કલાકૃતિ સમાન માળા તૈયાર કરવાની કામગીરી પરિપૂર્ણ કરી દીધી છે. જેથી આણંદ, ખેડા જિલ્લામાં અનેક સ્થળોએ સુગરીના મનોહર માળા જોવા મળી રહ્યા છે.ઉલ્લેખનીય છે કે સુગરી એપ્રિલ માસમાં જ માળો ગુંથવાની શરૂઆત કરતી હોય છે. ખાસ કરીને સુગરી દર્ભ (ડાભ)ના છોડના તાંતણા દાંત વડે કટીંગ કરીને પોતાનું 'ઘર' ગુંથતી હોય છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી દર્ભ ઘટી રહ્યા છે. આથી તેના વિકલ્પરૂપે સુગરી ખાસ કરીને માટીમાં ઊગતી નાની લીલી ધરોના કટકાઓને આબાદ રીતે ગોઠવીને જાણે કે વોટરપ્રુફ માળો તૈયાર કરે છે. સામાન્ય રીતે જૂનના પ્રથમ પખવાડિયામાં સુગરીનો પ્રજોત્પતિ સમયગાળો હોય છે. જયારે જુલાઇમાં ઇંડાનું સેવન કરે છે. ચરોતર પંથકના ગામડાંઓમાં ક્યારી પ્રકારની જમીનોના આચ્છાદિત વૃક્ષો પર વિશાળ પ્રમાણમાં પક્ષીઓના 'પરિપૂર્ણ બનેલા માળા' દશ્યમાન થાય છે. માળા એ પક્ષીઓના રહેઠાણનું સ્થળ ગણવામાં આવે છે. પક્ષીઓમાં ઇજનેરની ઓળખ ધરાવતું સુગરી પક્ષી અદ્ભુત માળાઓ બાંધે છે તે ઝાડની ડાળીના છેડાના ભાગને પસંદ કરી નળાકાર જેવી આકૃતિ તૈયાર કરે છે. હાલમાં ખાસ કરીને સોજીત્રા પંથકમાં વિવિધ વૃક્ષો પર સલામત જગ્યાએ સુગરીએ ગુંથેલા માળાઓ જોવા મળે છે. નોંધનીય છે કે, પ્રથમ દ્રષ્ટિએ જોતા જ ગમી જાય એવો વિશિષ્ટ રચના ધરાવતો માળો ત્રણ તબક્કે આકાર પામે છે. નવાઇની વાત એ છે કે કેટલાક નર સુગરીનો પ્રથમ તબક્કે જ માદા સુગરી 'રીજેક્ટ' કરે એટલે નર સુગરી માળાનો નાશ કરે છે. પ્રથમ તબક્કે વર્ષાઋતુની સીઝનમાં પાણી ધરાવતી જગ્યા અને કાંટાળા વૃક્ષની ડાળીઓનો છેડો સુગરી માળો બનાવવા પસંદ કરે છે. ત્યાર બાદ ઘાસની પત્તીઓ ભેગી કરીને આ 'એન્જિનિયર પક્ષી' પગ અને ચાંચ વડે ગુંથી માળાને ગોળાકાર બનાવે છે. આણંદ, ખેડા જિલ્લામાં સુગરીના માળા અનેક સ્થળોએ સુશોભનના સાધન તરીકે લટકાવવામાં આવતા હોવાનું જોવા મળે છે. નળાકારમાં અદ્ભુત ગુંથણશૈલીથી સુગરીએ બનાવેલ માળો બનાવવામાં તેને ૧૫થી ૩૦ દિવસનો સમય લાગતો હોય છે. વરસાદ આવતા અગાઉ જ માળો તૈયાર કરવાની સુગરીમાં ગજબની ચીવટતા હોય છે.

# મોગર-સારસા એક્સપ્રેસ-વે ઓવરબ્રીજ પર 'ભયજનક ભૂવા'થી વાહનચાલકોમાં અકસ્માતનો ડર



આણંદ, આણંદ તાલુકાના મોગર-સારસા એક્સપ્રેસ-વે ઉપર બનાવાયેલા ઓવરબ્રીજ પર ૧૦ ફૂટ ઊંડો ભયજનક ભૂવો પડ્યો છે. છેલ્લા લાંબા સમયથી પડેલા આ ભૂવાને કારણે અકસ્માત થવાની શક્યતાઓ વધી ગઈ છે. ચોમાસાની હજુ તો માંડ શરૂઆત થઈ છે, ત્યાં તંત્રની પોલંપોલ ખોલતો આ ભૂવો વાહનચાલકોના જીવ માટે જોખમરૂપ છે.

આ એક્સપ્રેસ-વે પર વર્ષો પહેલાં બનાવાયેલો બ્રીજ છે. જેની આજુ-બાજુ દસેક નાના-મોટા ફળિયા અને પરા વિસ્તાર ઉપરાંત રહેણાંક વિસ્તારો આવેલા છે. આ બ્રીજ પર દિવસ દરમિયાન મોટી સંખ્યામાં વાહનો પસાર થતા હોય છે. આ બ્રીજ પર છેલ્લાં કેટલાય દિવસોથી આ ભૂવો પડ્યો છે. જેમાં ચોમાસામાં વરસાદ પડતાં તેમાં પાણી ભરાઈ જાય છે. પાણી ભરાઈ જતાં તે જગ્યાએ ભૂવો હોય તેવી ખાતરી કે અનુમાન વાહનચાલક કે રાહદારીઓ લગાવી શકતા નથી. જેના કારણે અકસ્માત થવાની શક્યતાઓ વધી જાય છે. વળી આસપાસના ખેડૂતો પણ મુશ્કેલીમાં મૂકાયા છે. ઉપરાંત રાત્રિના સમયે લાઈટોના અભાવ હોવાથી વાહનચાલકો અને રાહદારીઓ અકસ્માતનો ભોગ બને તેમ જણાઈ રહ્યું છે. આવા સંજોગોમાં તંત્ર પણ ઘેરી નિંદ્રામાં હોય તેમ લાગી રહ્યું છે. કારણ કે, આટલો મોટો ભૂવો પડવા છતાં હજુ સુધી સ્થાનિક તંત્ર હરકતમાં આવ્યું નથી. તેમજ આ હજુ પણ પ્રિ-મોન્સુન કામગીરીમાં તંત્ર ક્યાંક થાપ ખાઈ ગયુ હોવાનું પણ જણાઈ રહ્યું છે. ત્યારે તાત્કાલિક ધોરણે આ ભૂવાને પુરી રોડનું સમારકામ કરવામાં આવે તેવી માંગ પ્રબળ બની છે.

# નાયકામાં કેનાલ ફાટતા ૨૦૦ વિઘા જમીનમાં કેમિકલયુક્ત પાણી ફરી વળ્યું

ખેડા, ખેડા જિલ્લાના છેવાડે આવેલ નાયકા ગામ પાસેથી પસાર થતી ખારીકટ-મેશ્વો કેનાલ ઓવર ફ્લો થતા કેમિકલયુક્ત પાણી ખેડૂતોના ખેતરોમાં ફરી વળ્યા છે. ખેડૂતોની ફરિયાદ છેકે એક તરફ લોકડાઉનના મારથી હજુ બહાર આવ્યા નથી ત્યા હવે કેનાલ ફાટતા ખેડૂતો માટે પડતા પર પાટુ વાગવા જેવી સ્થિતિ થઇ છે. કેનાલ ઓવર ફ્લો થતા અને ગાબડુ પડતા પાણી નાયકા, ભેરઇ અને માધુપુરા ના ખેતરોમાં ફરી વળ્યાનું ખેડૂતોનું કહેવું છે. તંત્રની અણઆવડતના કારણે લાખ્ખો રૂપિયાનું નુકસાન થયાનો રોષ ખેડૂતો વ્યકત કરી રહ્યા છે. નાયકા ગામ પાસેથી પસાર થતી ખારીકટ કેનાલ રવિવારે રાત્રે એકાએક ઓવરફ્લો થઇ હતી. જેમાં મોટું ગાબડું પડવાને કારણે આસપાસના ૨૦૦ વિઘા કરતા વધારે જમીનમાં કેમિકલયુક્ત પાણી ફરી વળ્યું હતું. ખેડૂતો દ્વારા જમીનમાં ડાંગર માટે કરવામાં આવેલ ધરૂવાડિયા ડુબીને નાશ પામ્યા હતા, અને ખેતરમાં મોટા પ્રમાણમાં પાણી ભરાઇ ગયા હતા. આ ઉપરાંત મગ, લચકો અને જારના પાકને પણ વ્યાપક નુકસાનીની ચિંતા ખેડૂતો વ્યકત કરી રહ્યા છે. હવે ખેડૂતોને સિઝનનો પાક ન લઇ શકાય તેવી સ્થિતિ ઊભી થઇ છે. અમદાવાદના વિંઝોલ, વટવાથી આવતી ખારીકટ કેનાલ ખેડા તાલુકાના જુદા જુદા ગામડાઓમાંથી પસાર થાય છે. ઉપરવાસથી અહીં આવતા પાણીમાં ફેક્ટરીઓવાળા કેમિકલયુક્ત પાણી છોડતા હોવાના કારણે પહેલેથી જ ખેડૂતોને ચોખ્ખુ પાણી સિંચાઇ માટે મળતુ નથી. તેમાંય વળી કેનાલમાં ગાબડુ પડવાને કારણે ખેડૂતોના મહામુલા પાક પર કેમિકલયુક્ત પાણી ફરી વળ્યા છે. નાયકા પાસે ૨૬ નંબર બંધના બે બેલર બંધ હોવાથી ત્યાં પાણી ઓવરફ્લો થયું હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે. ખેડૂતોની ફરિયાદ છેકે એક તરફ લોકડાઉનના મારથી હજુ બહાર આવ્યા નથી ત્યા હવે કેનાલ ફાટતા ખેડૂતો માટે પડતા પર પાટુ વાગવા જેવી સ્થિતિ થઇ છે. કેનાલ ઓવર ફ્લો થતા અને ગાબડુ પડતા પાણી નાયકા, ભેરઇ અને માધુપુરા ના ખેતરોમાં ફરી વળ્યાનું ખેડૂતોનું કહેવું છે. તંત્રની અણઆવડતના કારણે લાખ્ખો રૂપિયાનું નુકસાન થયાનો રોષ ખેડૂતો વ્યકત કરી રહ્યા છે. નાયકા ગામ પાસેથી પસાર થતી ખારીકટ કેનાલ રવિવારે રાત્રે એકાએક ઓવરફ્લો થઇ હતી. ખેડૂતો દ્વારા જમીનમાં ડાંગર માટે કરવામાં આવેલ ધરૂવાડિયા ડુબીને નાશ પામ્યા હતા, અને ખેતરમાં મોટા પ્રમાણમાં પાણી ભરાઇ ગયા હતા.

# કોરોના સંક્રમણના કારણે વડતાલ સ્વામિનારાયણ મંદિર ખોલવાનો નિર્ણય હાલમાં મુલત્વી રખાયો

નડિયાદ, નડિયાદ તાલુકાના વડતાલમાં આવેલ સ્વામિનારાયણ મંદિર તા.૧૭ મી થી જાહેર દર્શન માટે ખુલવાની મંદિરના સત્તાધીશો દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. જો કે ખેડા જિલ્લા સહિત ગુજરાતભરમાં કોરોનાના પોઝિટિવ દર્દીઓની સંખ્યા વધી રહી છે. સંક્રમણ વધતું હોઈ વડતાલ મંદિરમાં દર્શન માટે ભાવિકોને હજુ એક સપ્તાહ રાહ જોવી પડશે. આવનાર સપ્તાહે મંદિર ખોલવા માટે કદાચ નિર્ણય લેવાય તેવુ જાણવા મળે છે. સરકારે તા.૮ મી જૂનથી અનલોક-૧ હેઠળ મંજૂરી આપી હોવા છતાં સંક્રમણને ધ્યાને લઈને ગુજરાતમાં ઘણી જગ્યાએ ધાર્મિક સ્થળો ખુલ્યાં નથી. વડતાલમાં આવેલ સ્વામિનારાયણ મંદિર તા.૧૬ મી સુધી બંધ રાખવા અને તા.૧૭ જૂનથી જાહેર દર્શન માટે ખુલશે તેવી મંદિર ટ્રસ્ટ દ્વારા અગાઉ જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ હાલમાં રાજ્યમાં સંક્રમણના કેસ વધી રહ્યા છે. આ સ્થિતિમાં મંદિર ખોલવામાં આવે તો ભાવિકોની ભીડભાડને લઈ સંક્રમણ વધી શકે તેમ છે. તે ધ્યાનમાં લઈ આજે સ્વામિનારાયણ મંદિર વડતાલ દ્વારા મંદિર ના ખોલવા બાબતનું નિર્ણય કર્યો હોવાનું જાણવા મળેલ છે. તા.૧૭ મી થી મંદિર ખુલવાની જાહેરાત કર્યા બાદ મંદિર સત્તાધીશો દ્વારા તમામ પ્રકારનું પૂર્વ તૈયારીઓ પણ આદરી દીધી હતી. દર્શનાર્થીઓને કેવી રીતે અંદર પ્રવેશવા દેવા, અંતર રહે તે માટે શું કરવું વગેરે તૈયારીઓ પૂર્ણ કરી હતી. પરંતુ રાજયની મહામારીની વર્તમાન સ્થિતિની સમીક્ષા બાદ સરકારની સુચના અને માર્ગદર્શિકા અનુસાર આગામી સપ્તાહ બાદ મંદિર ખોલવા માટે નિર્ણય લેવાશે તેવુ હાલમાં દેખાય છે. દર્શન માટે ભક્તોએ વડતાલ મંદિરની વેબસાઈટ અને યુટ્યુબનો ઉપયોગ કરવા જણાવ્યું છે. વડતાલ મંદિરના સંસ્થાના ચીફ એક્ઝિક્યુટીવે અખબારી યાદીમાં જણાવ્યું છે કે વડતાલ મંદિરમાં દર્શન માટે તા.૨૫ જૂન સુધીમાં પ્રજાને માહિતી આપી દેવામાં આવશે. જો કે વડતાલ મંદિર તાબાના શિખરબંધ તેમજ હરીમંદિરો તા.૧૭ જૂનથી પોતાના વિસ્તારની કોરોના સંક્રમણની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ માસ્ક, સોશ્યલ ડિસ્ટન્સ,સેનીટાઈઝની વ્યવસ્થા સાથે ફકત દર્શન માટે ખોલી શકાશે. ભોજનાલય તથા ઉતારા વિભાગ સંપૂર્ણ બંધ રહેશે.

# નડિયાદ-મહેમદાવાદ રોડ પરના વરસોલા પાસે કેરોસીન ભરેલ ટેન્કર પલટી ગયું

નડિયાદ, નડિયાદ-મહેમદાવાદ રોડ પરના વરસોલા પાસે કેરોસીન ભરેલ ટેન્કર પલટી જતા અફડાતફડી મચી ગઈ. ટેન્કર પલટી ગયુ હોવાની જાણ થતા સ્ટોક મંગાવનાર રેશનીંગના દુકાનદાર કેરોસીન ભરવાના બેરલ સાથે ઘટના સ્થળ પર દોડી આવ્યા હતા. જોકે ઘણુંખરૂં કેરોસીનનો જથ્થો નાળામાં વહી ગયો હતો. મળતી વિગતોમાં ટેન્કર નંબર જીજે.૭.ટી.૯૮૦૨ વડોદરાના સાવલી, દુમાડ પાસે ઇન્ડિયન ઓઇલ કો.ના ગોડાઉનમાંથી કેરોસીનનો જથ્થો લઇ મહેમદાવાદ આવવા નિકળ્યુ હતુ. ટેન્કર ૧૨ હજાર લીટર રેશનીંગનું કેરોસીન ભરી નડિયાદથી મહેમદાવાદ તરફ જઇ રહ્યુ હતુ, તે સમયે અચાનક પંચર થતા ટેન્કર ચાલકે સ્ટેરીંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને ટેન્કર સીધુ રોડની સાઇડના ખાડામાં પલટી ખાઇ ગયુ હતુ. અકસ્માતના કારણે ટેન્કરમાં ભરેલ કેરોસીન લિકેજ થવાનું શરૂ થઇ ગયુ હતુ. જેના કારણે સ્થાનિક વહીવટી તંત્રનો સ્ટાફ ઘટના સ્થળ પર દોડી આવ્યો હતો. જ્યાં કેરોસીન ભરવાના બેરલ લાવી વહી જતુ કેરોસીન શક્ય તેટલુ પીપમાં ભરી લેવા પ્રયાસ હાથ ધરાયો હતો.

જોકે ઘણી મોટી માત્રામાં કેરોસીન નાળામાં વહી જતા તેનો બગાડ પણ થયો હતો. ઘટનાની જાણ થતા નાયબ મામલતદાર અને અધિકારીઓ ઘટના સ્થળ પર દોડી આવ્યા હતા. જોકે ઘટના અંગે જાણ કરવા છતાંયે ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમ એક કલાક સુધી ઘટનાસ્થળે પહોંચી ન હોવાની બાબતે ચર્ચાઓએ જોર પકડયું હતું. સ્થાનિકોના મતે જો લીકેજ થઇ રહેલ કેરોસીનમાં આગ ભભૂકી હોત તો મોટી દુઘર્ટના સર્જાત.

# આણંદના તમામ તાલુકાઓના ૯૨૪.૩૩ લાખના ૮૬૭ વિકાસના કામોને બહાલી

આણંદ જિલ્લા આયોજન મંડળના અધ્યક્ષ, જિલ્લા પ્રભારી અને કૃષિ રાજયમંત્રી જયદ્રથસિંહજી પરમારના અધ્યક્ષસ્થાને તા.૧૬મીના રોજ આણંદ કલેકટર કચેરી ખાતે જિલ્લામાં વર્ષ ૨૦૨૦-૨૧ માટે કરવામાં આવેલ આયોજનના કામોને મંજૂરી આપવા અંગેની બેઠક મળી હતી. આ બેઠકમાં મંત્રીએ વિવિધ સદરો હેઠળ સૂચવવામાં આવેલ વિકાસના કામો સમયમર્યાદામાં ગુણવત્તાયુકત અને વહેલી તકે પૂર્ણ થાય તે જોવાનો સંબંધિત અધિકારીઓને અનુરોધ કર્યો હતો. મંત્રીએ બેઠકમાં સંસદસભ્યો અને ધારાસભ્યો દ્વારા સૂચવવામાં આવતા કામોને પ્રજાહિતને ધ્યાને લઇ ઝડપથી પૂર્ણ થાય તે જોવા પણ સૂચવ્યું હતું. બેઠકમાં મંત્રીએ જિલ્લા આયોજન મંડળ દ્વારા જિલ્લામાં વર્ષ ૨૦૨૦-૨૧ માટે કરવામાં આવેલ જિલ્લાના તમામ તાલુકાઓના ૯૨૪.૩૩ લાખના ૮૬૭ વિકાસ કામો અને જિલ્લાની ૧૧ નગરપાલિકાઓના સૂચવવામાં આવેલ વિકાસ કામોને નિયમોને આધિન મંજૂર કર્યા હતા તેમજ વર્ષ ૨૦૧૯-૨૦ની જિલ્લા આયોજન મંડળની બેઠકની કાર્યવાહી નોંધને પણ સંસદસભ્યો અને ધારાસભ્યો સર્વાનુમતે બહાલી આપી હતી. જિલ્લા કલેકટર આર.જી.ગોહિલે જે કામો ચોમાસા દરમિયાન શરૂ થઇ શકે તેવા હોય તેવા કામો શરૂ કરવાનું સૂચવી તાંત્રિક મંજૂરીઓ માટે વિલંબ ન કરતાં તાત્કાલિક મંજૂરીઓ મેળવી લેવા તાત્કાલિક માસના અંત સુધીમાં મોકલી આપવા જણાવ્યું હતું. બેઠકમાં જિલ્લા આયોજન અધિકારી લલિતભાઇ અમીને તમામ યોજનાની તમામ કામગીરી હવે ઓનલાઇન જ કરવામાં આવશે. જે સીએમ ડેસ્ક બોર્ડથી આ સોફટવેર જોડાયેલ છે.

# જવાહર નગરની સોસાયટી અને ફાટક પાસે પાલિકાએ સફાઇ કરાવી

નડિયાદ, નડિયાદ શહેરના જવાહર નગર વિસ્તારમાં જય મહારાજ સોસાયટી અને ફાટક પાસેના ખુલ્લા પ્લોટમાં ગંદકીની સમસ્યાથી સ્થાનિકો પરેશાન થઈ ગયા હતા. જેઓની વેદના ગઇકાલે મીડિયાના માધ્યમથી જાહેર થતા જ નગર પાલિકા તંત્ર હરકતમાં આવ્યુ હતુ. પાલિકા દ્વારા આજે સવારથી જ આ વિસ્તારમાં સફાઇ કામગીરી હાથ ધરાઇ હતી. પ્લોટમાં એકત્ર કચરો દુર કરીને દવાનો છંટકાવ કરાવ્યો હતો. ગટરમાંથી ઉભરાતું પાણી અને ગંદકી દુર કરવા પણ પ્રયાસ કરાયો હતો. સ્થાનિક કાઉન્સિલરે જણાવ્યુ હતુ કે આ ગટર લાઇન હાલ બંધ છે. પરંતુ આસપાસમાં રહેતા કેટલાક લોકોએ તેમાં ગેરકાયદેસર કનેક્શનો આપી દીધા છે. જેના કારણે અહી ગટર ઉભરાવાની સમસ્યા બને છે. જેથી હવે આગામી દિવસોમાં આ લાઇનમાં અપાયેલા ગેરકાયદેસર કનેક્શનો પણ કાપવાની કામગીરી પાલિકા દ્વારા હાથ ધરાશે. પાલિકા દ્વારા આજે સવારથી જ આ વિસ્તારમાં સફાઇ કામગીરી હાથ ધરાઇ હતી.

# લક્ષ્મીપુરા અને માધવગઢમાં વાવાઝોડું ત્રાટક્યું



ગાંધીનગર, ગાંધીનગર અને રાજ્યના અન્ય વિસ્તારોમાં પવન સાથે વરસાદનો અનુભવ થઈ રહ્યો હતો ત્યારે ગાંધીનગર તાલુકાના બે ગામમાં વાવાઝોડું ત્રાટક્યું હતું. સોમવારે રાત્રે ૯.૩૦ના અરસામાં ભારે પવન ફૂંકાતા આ ગામોમાં ૪૦ જેટલા મકાન અને તબેલાના પતરા ઉડ્યા હતા. વાવાઝોડાના પગલે અનેક વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. સામાન્ય રીતે ગ્રામજનો ઝાડ નીચે કે તબેલામાં પશુઓને બાંધતા હોય છે. વાવાઝોડાના કારણે કેટલાક પશુઓના જીવ પણ ગયા હતા. વાવાઝોડાએ વિશાળકાય વૃક્ષો અને વીજળીના થાંભલાને પણ તોડી પાડ્યા હતા. મંગળવારે સવાર પડતાં જ વાવાઝોડાની વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ આવ્યો હતો. ગામમાં અનેક ઠેકાણે પતરાં ઉડીને ઝાડ પર કે ખેતરોમાં પડ્યા હતા. જયારે વીજળીના થાંભલા નમી પડ્યા હતા અને બંને ગામમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. ઘરની બહાર પાર્ક કરેલા ટુ-વ્હિલરો પણ વાવાઝોડામાં ઊડી ગયાની ઘટના બની હતી. ગાંધીનગરમાં કે આસપાસના અન્ય સ્થળે વાવાઝોડાની કોઈ અસર વરતાઈ ન હતી. માત્ર ત્રણ કિમી વિસ્તરમાં જ વાવાઝોડાએ વિનાશ વેર્યો હતો. સાબરમતી નદીના કિનારે આવેલા માધવવઢ અને લક્ષ્મીપુરાની મુલાકાત ગાંધીનગર પ્રાંત અધિકારી જે.એમ.ભોરણિયા અને તાલુકા વિકાસ અધિકારી જી.એ.ધાંધલિયાએ લીધી હતી. વાવાઝોડાના કારણે વીજ પુરવઠો સપ્લાય કરતાં પાંચ થી છ થાંભલા પડી ગયા હતા. જે અંગેની જાણ થતાં જ યુ.જી.વી.સી.એલને આ અંગે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જાણ કરીને તરત જ નવા થાંભલા નાખી દેવામાં આવ્યા હતા. બન્ને ગામમાં વીજ પુરવઠો શરૂ કરવામાં આવ્યો હતો. તેમણે ગામના વિવિધ વિસ્તારોની મુલાકાત લીધી હતી. જેમના ઘર અને અન્ય નુકશાન થયું છે. તેનો પ્રાથમિક સર્વે કર્યો હતો. આ અંગે સરકાર દ્વારા આપવામાં આવતી સહાયની રકમ નિયમોનુસાર ચુકવવા માટેની કાર્યવાહી પણ હાથ ધરી છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લક્ષ્મીપુરા અને માધવગઢ ગામ વચ્ચે ના માર્ગ પર પડી ગયેલા ઝાડને પણ તાત્કાલિક હટાવી લેવામાં આવ્યા હતા. માર્ગ ખુલ્લો કરવામાં આવ્યો હતો. આ વાવાઝોડામાં ૧૨ જેટલા લીમડાના ઝાડ ધરાશાયી થઇ ગયા હતા.

## ઉમરેઠના લીંગડા પાસે કારમાં દારૂની હેરાફેરી કરતા બે ઝબ્બે

આણંદ, ઉમરેઠ તાલુકાના લીગડા ગામ પાસે પોલીસે વિદેશી દારૂ સહિત રૂ ૫,૦૪,૨૦૦ના મુદ્દામાલ સાથે બે શખ્સોને ઝડપી પાડયા હતા. જ્યારે એક શખ્સ અંધારાનો લાભ લઈને ભાગી છૂટવામાં સફળ રહેતા પોલીસે ત્રણેય વિરૂધ્ધ ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે. કણજરી ગામના બે બુટલેગરો અને ચકલાસી જાદવપુરાનો એક બુટલેગર લક્ઝુરીયસ કારમાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો લઇને ભાલેજ તરફથી લીગડા તરફ આવનાર હોવાની બાતમીના આધારે ઉમરેઠ પોલીસની ટીમે સોમવારે મોડી રાત્રે વોચ ગોઠવી દીધી હતી.

**MERCURY METALS LIMITED**
(CIN:_ L27109GJ1986PLC008770)
**Reg office:** 36 Advani Market O/s Delhi Municipal Market Ahmedabad-380004
**Contact Details:** +91 79 65425275
**Email:** metal.mercury@gmail.com
**website:** www.mercurymetals.in

**NOTICE**

**Notice** is hereby given that pursuant to Regulation 29 read with Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 that a meeting of the Board of Directors **(02nd/2020-21)** of the Company will be held on **Friday, 26th June, 2020** at the Registered Office of the Company at **05:00 P.M.** to consider and approve inter alia, Audited Financial Results of the Company for the year ended on **31st March, 2020** and Any other item with the permission of the Chair and Majority of Directors.
The said notice is also available on the website of the Company at www.mercurymetals.in and on the website of Stock Exchange where shares of the Company are listed i.e. www.bseindia.com

**By Order of the Board**
**Sd/-**
**Govindram L. Kabra**
**Whole time Director**
**(DIN: 00006621)**

Place: **Ahmedabad**
Date: **17/06/2020**

**SHANTAI INDUSTRIES LIMITED**
**(Formerly known as Wheel and Axle Textiles Limited)**
CIN:- L74110GJ1988PLC013255
Registered Office:- 820, Golden Point, Nr Telephone Exchange, Begampura, Falsawadi, Ring Road, Surat - 395003
E-mail id:- shantaiindustriesltd@gmail.com

**NOTICE**

Pursuant to Regulation 29 read with Regulation 47 of SEBI (Listing Obligation and Disclosure Requirements), Regulations, 2015 Notice is hereby given that the meeting of the Board of Directors of the Company will be held on Friday, 26th June, 2020 at M-8 to 13, Agrasen shopping Centre, Surat, inter-alia to consider and approve the Audited Financial Result for the last quarter ended (Q4) and Twelve months period 31/03/2020.
The said notice may be accessed on the company's website at www.shantaiindustrieslimited.com and may be accessed at BSE website at www.bseindia.com.

**For Shantai Industries Limited**
**(Formerly known as Wheel and Axle Textiles Limited)**
sd/-
**Vasudev Fatandas Sawlani**
Managing Director
(DIN : 00831830)

Place: **Surat**
Date: **17/06/2020**

**હવા એન્જીનીયર્સ લીમીટેડ**
સીઆઈએન: L29120GJ1993PLC019199
રજીસ્ટર્ડ ઓફિસ: પ્લોટ નં. ૧૨૯, કાશીરામ ટેક્ષટાઈલ મીલ પાસે , નારોલ રોડ, અમદાવાદ- ૩૮૨૪૦૫, ગુજરાત
ઈમેલ : cs@hawaengltd.com

**નોટીસ**

રેગ્યુલેશન ૪૭ સાથે વંચાણમાં લેતા રેગ્યુલેશન ૨૯ સીક્યુરીટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા ( લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસક્લોઝર રિકવાયરર્મેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ અનુસાર નોટીસ આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની મીટીંગ **સોમવાર, ૨૯મી જૂન, ૨૦૨૦ના રોજ કંપની ની રજીસ્ટર્ડ ઓફીસે બીજી બાબતોની સાથે - સાથે માર્ચ ૩૧, ૨૦૨૦ના રોજ પૂર્ણ થયેલ ત્રિમાસિક /વર્ષાન્તે ગાળાનાં કંપનીના સ્ટેન્ડઅલોન ઓડીટેડ ફાઈનાન્શીયલ રીઝલ્ટને ધ્યાનમાં લેવા** ને મંજુર કરવા બાબતે રાખેલ છે.
આ નોટિસ કંપનીની વેબસાઈટ http://hawaengltd.com અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ http://www.bseindia.com પર ઉપલબ્ધ છે.

**હવા એન્જીનીયર્સ લીમીટેડ વતી**
**સહી/-**
**શીતલ દલવાડી**
**કંપની સેક્રેટરી**

**તારીખ: ૧૭-૦૬-૨૦૨૦**
**સ્થળ : અમદાવાદ**

**પશ્ચિમ રેલવે દ્વારા**
**કાંકરિયા (અમદાવાદ) અને ખુર્દા રોડ વચ્ચે વધુ એક પાર્સલ સ્પેશિયલ ટ્રેન ચલાવવાનું ટાઈમ-ટેબલ**

રાષ્ટ્ર અને લોકો પ્રત્યેની કટિબદ્ધતા પરિપૂર્ણ કરવા પશ્ચિમ રેલવે આ વર્તમાન પરિસ્થિતિ દરમિયાન સમગ્ર રાષ્ટ્રમાં જીવનજરૂરી વસ્તુઓનો પુરવઠો સુનિશ્ચિત કરવા શક્ય તમામ પ્રયત્નો કરવા કાર્યરત છે. આ અનુસંધાને **કાંકરિયા અને ખુર્દા રોડ** વચ્ચે વધુ એક પાર્સલ સ્પેશિયલ ટ્રેન નિર્ધારિત સમયપત્રક મુજબ ચલાવવાનું આયોજન કરેલ છે. આ ટ્રેનની વિગતો નીચે મુજબ છે.

**કાંકરિયા - ખુર્દા રોડ - કાંકરિયા 2 ટ્રીપ**

**સંચાલનના દિવસો : કાંકરિયાથી** – 18.06.2020, ટ્રેન નં. 00989 (કાંકરિયા – ખુર્દા રોડ) અને **ખુર્દા રોડથી** – 20.06.2020, ટ્રેન નં. 00990 (ખુર્દા રોડ – કાંકરિયા).

| ટ્રેન નં. 00989 | | ↓ સ્ટેશનો ↑ | ટ્રેન નં. 00990 | |
|---|---|---|---|---|
| આગમન | પ્રસ્થાન | | આગમન | પ્રસ્થાન |
| -------- | 23.50 | કાંકરિયા | 10.10 | -------- |
| 00.55 | 01.05 | આણંદ | 08.55 | 09.05 |
| 06.00 | 06.10 | રતલામ | 03.50 | 04.00 |
| 08.40 | 08.50 | માકસી | 01.10 | 01.20 |
| 11.30 | 11.40 | ભોપાલ | 22.20 | 22.30 |
| 14.10 | 14.20 | બીના જં. | 19.40 | 19.50 |
| 19.05 | 19.15 | કટની મુડવાડા | 14.45 | 14.55 |
| 01.10 | 01.20 | બીલાસપુર જં. | 08.40 | 08.50 |
| 05.00 | 05.10 | ઝારસુગુડા રોડ | 04.50 | 05.00 |
| 06.00 | 06.10 | સંબલપુર સીટી | 03.50 | 04.00 |
| 11.30 | -------- | ખુર્દા રોડ | -------- | 22.30 |

**નોંધ:** (1) રોકાણનાં આપેલ સમયગાળામાં જ પાર્સલ **ચડાવવા /ઉતારવાના** રહેશે. (2) આ ટ્રેનોમાં કોઈપણ મુસાફરને મુસાફરી કરવા દેવામાં આવશે નહીં. (3) આ ટ્રેનો સુરક્ષા કર્મીઓની સુરક્ષામાં ચાલશે. (4) ટ્રેન નં. 00989 અને 00990 નો મહત્તમ લોડ **13 VPs +1 SLR** રહેશે.

**પશ્ચિમ રેલવેમાં પાર્સલ બુકિંગ માટે કોઈપણ પ્રકારની સહાયતા માટે કૃપા કરી સંપર્ક કરો.**
**24X7 હેલ્પલાઇન મોબાઈલ નંબર : +91 9004490982**
**ઈ-મેલ : cmicccg@gmail.com**

**પશ્ચિમ રેલવે**
www.wr.indianrailways.gov.in
અમને લાઈક કરો: facebook.com/WesternRly અમને ફોલો કરો: twitter.com/WesternRly